**માન.ધારાસભ્યશ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર)**

**અગ્રતા-૧૫**

પ્રશ્ન :૧ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ સહાયનું ધોરણ શું છે ?

અને

મારો બીજો પ્રશ્ન છે કે સહાય મેળવા માટે કયા કયા દસ્તાવેજોનાં આધારે અરજી થઇ શકે છે ?

જવાબ : **માન. અધ્યક્ષશ્રી,**

**આ યોજના અંગે વાત કરું તો..**

દુધાળા પશુના ગાભણ અવસ્થાના છેલ્લા ત્રણ માસ અને વિયાણ પછીનો એક માસ એ કટોકટીનો સમયગાળો હોઈ છે. આ સમય દરમ્યાન પશુને યોગ્ય સમતોલ આહાર અને માવજત મળી રહે તેમજ વિયાણ પછી થતા રોગો અટકાવી શકાય છે અને પશુના દૂધના ઉત્પાદનમાં સારો એવો વધારો મેળવી શકાય તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.

**માન. અધ્યક્ષશ્રી માનનીય સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં સહાયના ધોરણો અંગે જણાવું તો...**

પશુઓના વિયાણ પછીના એક માસ દરમ્યાન પશુના શરીર નિભાવ માટે દરરોજ ૦૧(એક) કિલોગ્રામ અને દૂધ ઉત્પાદનના ૫૦% લેખે ૦૪(ચાર) કિલોગ્રામ એમ દરરોજ ૦૫(પાંચ) કિલોગ્રામ સમતોલ દાણની ખાસ જરૂર રહે છે.

પશુપાલકોના ગાભણ પશુ(ગાય/ભેંસ) માટેની ખાણદાણ સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ કુલ ૨૫૦ કિ.ગ્રા. એટલે કે ૬૦૦૦ રૂપિયાનું ખાણદાણ (૧૦૦% લેખે) વસ્તુ સ્વરૂપે આપવામાં આવે છે.

પશુપાલકોના પશુ(ગાય/ભેંસ)ને વિયાણ બાદ ખાણદાણ સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિ.ગ્રા. એટલે કે ૩૬૦૦ રૂપિયાનું ખાણદાણ (૧૦૦% લેખે) વસ્તુ સ્વરૂપે આપવામાં આવે છે.

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં**

**આ યોજના હેઠળ સહાય મેળવવા માટે જરૂરી દસ્તાવેજોની વાત કરું તો..**

(૧) બારકોડેડ રેશન કાર્ડની નકલ

(૨) સરકાર માન્ય ફોટા વાળા ઓળખપત્રની નકલ

(૩) પશુ વિયાણ થયા અંગેનું સંબંધિત સરકારી પશુધન નિરિક્ષક (જિલ્લા પંચાયત અથવા રાજયકક્ષા કચેરી) નું પ્રમાણપત્ર

(૪) કૃત્રિમ બીજદાન/કુદરતી રીતે પશુ ફેળવ્યા અંગેનો પ્રમાણપત્ર

(૫) પશુગર્ભ પરિક્ષણ અંગેનું પ્રમાણપત્ર

(૬) સક્ષમ અધિકારીશ્રીના દિવ્યાંગ અંગેના પ્રમાણપત્રની નકલ

(૭) અનુ.જાતિ અને અનુ.જનજાતિ પશુપાલકો માટે જાતિનો દાખલો

**માન.ધારાસભ્યશ્રી પ્રવિણભાઇ માળી (ડીસા)**

**<u>અગ્રતા–૧૫</u>**

પ્રશ્ન :૨ પશુ ખાણદાણ સહાય યોજનાનો લાભ લેવા માટે કઇ રીતે અરજી કરવાની હોય છે અને અરજી મંજુર કરી સહાય ચુકવાની કાર્ય પદ્ધતિ શું છે?

જવાબ **માન. અધ્યક્ષશ્રી**

**અરજી કરવાની પદ્ધતિ અંગે વાત કરૂ તો...**

આઇ ખેડૂત પોર્ટલમાં અરજદાર પશુપાલકે ઓનલાઇન અરજી કરી પ્રિન્ટ આઉટ મેળવી સહી કરી, બિડાણમાં સામેલ જરૂરી આધાર પુરાવા સહ અરજી પર દર્શાવેલ સરનામે/કચેરી ખાતે દિન–૭માં રજુ કરવાની રહેશે અથવા ઓનલાઇન આઇ ખેડૂત પોર્ટલ પર સહી કરેલ અરજી બિડાણ સહિત અપલોડ કરી શકશે.

**માન. અધ્યક્ષશ્રી**

**અરજી મંજુર કરી સહાય ચુકવાની કાર્યપદ્ધતિ અંગે વાત કરૂ તો...**

**અરજીની ચકાસણીમાં**

સંબંધિત તાલુકા પશુચિકિત્સા અધિકારી/જુથ મથકના અધિકારી દ્વારા આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ઈનવર્ડ કરેલ અરજીઓની પાત્રતા/ બિનપાત્રતા નિર્ધારીત કરી ભલામણ સહ જિલ્લા પશુપાલન અધિકારી/ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના અધિકારીને મોકલી આપવામાં આવે છે.

**અરજીઓની મંજૂરીમાં**

જીલ્લા પશુપાલન અધિકારી/ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના અધિકારી દ્વારા તાત્કાલિક મંજૂર/નામંજૂરની કાર્યવાહી કરવામાં આવે છે તથા આઈ ખેડૂત પોર્ટલ પર મંજૂરીનું સ્ટેટસ અપડેટ કરવામાં આવે છે.

**અને સહાય ચુકવાની કાર્યપધ્ધતિ બાબતે જણાવું તો..**

જીલ્લા પશુપાલન અધિકારી/ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના અધિકારી દ્વારા મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી જી.સી.એમ.એમ.એફ., આણંદ દ્વારા જે તે જીલ્લા માટે નિયત થયેલ દાણ સપ્લાય કરનાર દૂધ ઉત્પાદક સહકારી સંઘને મોકલી આપવાની રહેશે.

દાણ સપ્લાય કરનાર દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી મુજબ લાભાર્થીઓને દાણ સપ્લાય કરવાનો રહેશે અને જે તે યાદી મુજબ ભૌતિક ચકાસણી કર્યા બાદ જીલ્લા પશુપાલન અધિકારી/ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના અધિકારી દ્વારા સંઘને ચુકવણું કરવાનું રહેશે.